Extra No. 281

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LXVII] **MONDAY, APRIL 13, 2026 / CHAITRA 23, 1948**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Courts, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.

રાજ્ય ચૂંટણી આયોગ

આદેશ

સચિવાલય, ગાંધીનગર, ૧૧મી એપ્રિલ, ૨૦૨૬

વંચાણમાં લીધા:-

(૧) રાજ્ય ચૂંટણી આયોગના આદેશ ક્રમાંક: રાચપ-ચટણ-સ્થા.સ્વ.-૧૨૧-૮૨૦૧૧-ક, તા.૧૮-૦૮-૨૦૧૧

(૨) રાજ્ય ચૂંટણી આયોગના આદેશ ક્રમાંક: રાચઆ-સ્થા.સ્વ.-૧૨૧-૦૨૨૦૨૧-ક, તા.૧૦-૦૨-૨૦૨૧

(૩) રાજ્ય ચૂંટણી આયોગના આદેશ ક્રમાંક: રાચઆ-સ્થા.સ્વ.-૧૨૧-૦૧૨૦૨૫-ક, તા.૨૮-૦૧-૨૦૨૫

ક્રમાંક: રાચપ-ચટણ-સ્થા.સ્વ.-૧૨૧-૦૪૨૦૨૬-ક-૧૩૫૨૪ થી ૧૩૭૫૫

૧. ભારતીય બંધારણના અનુચ્છેદ ૨૪૩ ડ તથા ૨૪૩ વક હેઠળ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણીના દેખરેખ, સંચાલન અને નિયંત્રણ રાજ્ય ચૂંટણી આયોગમાં નિહિત થયેલ છે.

૨. સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓમાં રાજકીય પક્ષો દ્વારા રેડીયો / ટેલીવિઝન પર જાહેરાત કરવા સંબંધે ભારત સરકારનાં માહિતી અને પ્રસારણ મંત્રાલય દ્વારા કોડ ફોર કોમર્શીયલ એડવર્ટાઈઝિંગ કાયદામાં સુધારો કરી રાજકીય પક્ષો / ઉમેદવારો / અન્ય વ્યક્તિઓ તરફથી ફી ચૂકવી અપાતી આવી જાહેરાતો સ્વીકારતાં પહેલા જરૂરી ચકાસણી કરવાની સત્તા ચૂંટણી આયોગને આપેલ છે.

૩. આચાર સંહિતાનું અમલીકરણ રાજકીય પક્ષો, ઉમેદવારો, સત્તાધારીપક્ષ, પદાધિકારીઓ, સરકારશ્રીના વિવિધ વિભાગો / વહીવટી તંત્ર / ખાતાના વડા વિગેરેએ કરવાનું રહે છે. આ અંગે રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા ક્રમાંક: રાચપ-ચટણ-સીઓસી-સ્થા. સ્વ.-૧૩૮(૧)-૧૧૨૦૨૧-ક, તા.૧૭-૧૧-૨૦૨૧થી આદેશ કરવામાં આવેલ છે. ચૂંટણીના સમય દરમ્યાન કેટલાક રાજકીય પક્ષો / ઉમેદવારો / અન્ય વ્યક્તિઓ દ્વારા ટી.વી.ચેનલ, કેબલ નેટવર્ક, રેડિયો, સોશિયલ મીડિયા અને ઈલેક્ટ્રોનિક માધ્યમથી મળેલ પોતાના પક્ષનો પ્રચાર કરવાની પરવાનગી માટે સંબંધિત ચૂંટણી અધિકારીઓ તેમજ રાજ્ય ચૂંટણી આયોગને રજૂઆત કરે છે. આ માટેની પરવાનગી આપવા માટે વંચાણ-૧ થી ઉના આદેશોથી વિગતવાર સૂચનાઓ આપવામાં આવેલ છે.

૪. સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ (ગ્રામ પંચાયત સિવાયની) ચૂંટણીઓ પક્ષીય ધોરણે લડાય છે. આ ચૂંટણીઓમાં ઉમેદવારો સ્થાનિક હોઈ પ્રચારમાં તીવ્ર હરીફાઈ રહે છે. કેટલાક કિસ્સાઓમાં પૂર્વ મંજૂરી વગર જે માધ્યમોથી પ્રચાર કરવામાં આદર્શ આચારસંહિતાનો ભંગ થવા પૂરેપૂરો સંભવ રહે છે. આ બાબતે પુખ્ત વિચારણાને અંતે રાજ્ય ચૂંટણી આયોગને એમ જણાયું છે કે, સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણીઓમાં જુદા-જુદા માધ્યમો મારફત પ્રચાર પ્રસાર કરવા રાજકીય પક્ષો / ઉમેદવારો / અન્ય વ્યક્તિઓને વર્તમાન પરિસ્થિતિ ધ્યાને લઈ આવી પરવાનગી આપવી જરૂરી જણાય છે. આ હકીકતે ચૂંટણી લડતાં રાજકીય પક્ષો / ઉમેદવારો / અન્ય વ્યક્તિઓને ચૂંટણીના પ્રચાર માટે મંજૂરી માંગે તો જરૂરી ચકાસણી કરી પરવાનગી આપવા માટે, રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગર કક્ષાએ તથા જિલ્લા કક્ષાએ નીચેની વિગતે સમિતિ રચવા આદેશ કરવામાં આવે છે.

(અ) રાજ્ય ચૂંટણી આયોગ ગાંધીનગર કક્ષાએ

૧	સચિવશ્રી, રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગર	અધ્યક્ષ
૨	સંયુક્ત કમિશનરશ્રી, રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગર	સભ્ય
૩	નાયબ નિયામકશ્રી, ઈન્ફોર્મેશન(Advertisement), માહિતી ખાતુ, ગાંધીનગર	સભ્ય
૪	નાયબ ચૂંટણી કમિશનરશ્રી, રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગર	સભ્ય
૫	મદદનીશ ચૂંટણી કમિશનરશ્રી, કેન્દ્ર શાખા, રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગર	સભ્ય સચિવ

(બ) જિલ્લા કક્ષાએ

૧	જિલ્લા કલેક્ટર	અધ્યક્ષ
૨	પોલિસ કમિશનર (લાગુ પડતા જિલ્લા માટે) / પોલિસ અધીક્ષક	સભ્ય
૩	જિલ્લા માહિતી અધિકારી	સભ્ય
૪	નિવાસી અધિક કલેક્ટર	સભ્ય સચિવ

૫. સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણીઓમાં જુદા-જુદા માધ્યમો મારફત પ્રચાર પ્રસાર કરવા રાજકીય પક્ષો / ઉમેદવારો / અન્ય વ્યક્તિઓને આવી ચૂંટણીઓમાં ચૂંટણી લડતાં રાજકીય પક્ષો / ઉમેદવારો / અન્ય વ્યક્તિઓ દ્વારા ટી.વી.ચેનલ, કેબલ નેટવર્ક, એફ.એમ.ચેનલ, રેડિયો, સોશિયલ મીડિયા, બલ્ક એસ.એમ.એસ. અને ઈલેક્ટ્રોનિક માધ્યમથી મળેલ અન્ય કન્ટેન્ટ મારફત ચૂંટણીનો પ્રચાર કરવાની મંજૂરી માગે તો નીચે મુજબની ચકાસણી કરી મંજૂરી આપી શકશે.

૧: જે ટી.વી.ચેનલ, કેબલ નેટવર્ક, એફ.એમ.ચેનલ, રેડિયો, સોશિયલ મીડિયા, બલ્ક એસ.એમ.એસ. અને ઈલેક્ટ્રોનિક મળેલ અન્ય કન્ટેન્ટ મારફત માધ્યમથી આવો પ્રચાર કરવા માંગતા હોય તેવા માધ્યમોએ સક્ષમ અધિકારીનું તે માટેનું લાયસન્સ મેળવેલું હોવું જોઈશે.

૨: આવી સેવાઓ મેળવવા બદલ લાયસન્સ ધારકને તેઓએ જે રકમ આપવાની રહેશે તેની તેમના હિસાબમાં નોંધ કરવાની રહેશે.

૩: જે પ્રચાર કરવા માંગતા હોય તેવી "સ્ક્રીપ્ટમાં" કોઈપણ પ્રકારની ધાર્મિક કે કોમી લાગણી ઉશ્કેરાય તેવી બાબતોનો સમાવેશ નથી તેની ખાતરી પણ કરવાની રહેશે.

૪: ધાર્મિક, વર્ગ-વિગ્રહ, કોમી ઉશ્કેરણી ઉપરાંત સ્થાનિક પરિસ્થિતિ જોતા કોઈપણ વાંધાજનક પ્રચાર કે જેના લીધે શાંત અને મુક્ત વાતાવરણમાં યોજાનાર મતદાન પર અસર થાય તેમ હોય તેવું કરવામાં આવતું નથી તેની યોગ્ય તકેદારી રાખવાની રહેશે.

૫: વખતોવખત પ્રચાર કરવા જે ઉમેદવારોને મંજૂરી આપવામાં આવી છે તેઓ તરફથી આ દ્વારા થતા પ્રચારનું પ્રત્યક્ષ નિરીક્ષણ નાયબ મામલતદાર - હેડ કોન્સ્ટેબલ કે તેની ઉપરના અધિકારી કરી શકશે.

૬: કોઈપણ જાતની નોટિસ આપ્યા સિવાય આવો પ્રચાર શહેર / જિલ્લા મ્યુનિસિપલ / જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટરશ્રી મુક્ત અને નિષ્પક્ષ ચૂંટણી માટે તે બાબતનું કારણ નોંધી, તેવા પ્રચાર અંગે મનાઈ હુકમ ફરમાવી શકશે.

૭: સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણી માટે રાજ્ય ચૂંટણી પંચે નિર્ધારીત કરેલા મતદાનના દિવસે મતદાન પુરું થાય તે પહેલાંના ૪૮ કલાક દરમ્યાન આવો કોઈ પ્રચાર કરી શકાશે નહિ.

૮: સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણી માટે આચાર સંહિતા અંગેની રાજ્ય ચૂંટણી આયોગની વખતોવખતની સૂચનાઓનો ભંગ ન થાય તેની તકેદારી રાખવી જોઈશે.

૯: રાજ્ય ચૂંટણી આયોગના તા.૨૯-૧૨-૧૯૯૯ ના હુકમ ક્રમાંક: એસઈસી-ઈએલસી-સીઓસી-૧૯૯૯ માં જણાવેલ વિગતોનું પણ પાલન થાય તે જોવાનું રહેશે. (નકલ સામેલ છે.)

૧૦: કોઈપણ ઉમેદવારે / પક્ષે અન્ય ઉમેદવારો / પક્ષો સામે વ્યક્તિગત/અંગત આક્ષેપ/પ્રતિઆક્ષેપો ન થાય તેની તકેદારી રાખવાની રહેશે.

૧૧: કોઈપણ સંજોગોમાં ચૂંટણી મુકત અને નિષ્પક્ષ વાતાવરણમાં યોજાય તે જોવાનું રહેશે અને તેના ઉપર અવળી અસર થાય તે પ્રમાણેની કોઈપણ કાર્યવાહી થઈ શકશે નહિ.

૧૨. આ સિવાય કોઈપણ બાબતની મંજુરી આપતા એવુ જણાતુ હોય કે તેને લીધે આચારસંહિતાનો ભંગ થાય તેમ છે તો તે માટે મંજૂરી આપી શકાશે નહિ.

આ કમિટિએ ટી.વી. ચેનલ, કેબલ નેટવર્ક, એફ.એમ. ચેનલ, રેડિયો, સોશિયલ મીડિયા, બલ્ક એસ.એમ.એસ. અને ઈલેક્ટ્રોનિક મળેલ અન્ય કન્ટેન્ટ મારફત ચૂંટણી પ્રચાર માટે આ સાથેના એનેક્ષર-૧ પ્રમાણેના નિયત નમુનામાં દરખાસ્ત મળે તો તેના માટે ઉપર જણાવેલ બાબતોની ચકાસણી કરવાની રહેશે. મંજૂરી આપવાના કિસ્સામાં આ સાથેના એનેક્ષર-૨ મુજબ પ્રમાણપત્ર આપવાનું રહેશે.

૬. એનેક્ષર-૧ પ્રમાણેની અરજી કરવા, અરજીઓની ચકાસણી કરવા તથા મંજૂરી માટેની જરૂરી શરતો નીચે પ્રમાણે નક્કી કરવામાં આવે છે.

૧: જાહેરાતના સૂચિત પ્રસારણના પાંચ દિવસ અગાઉ નિયત નમૂનાના એનેક્ષર-૧ પ્રમાણે અરજી રાજ્ય ચૂંટણી આયોગ / કલેક્ટરશ્રીને ત્રણ નકલોમાં ટ્રાન્સ્ક્રીપ્ટ સાથે કરવાની રહેશે.

૨: રાજ્ય ચૂંટણી આયોગની આચારસંહિતા કે રાજ્યમાં અમલમાં હોય તેવા કોઈ કાયદાની જોગવાઈઓને અનુરૂપ ન હોય કે જોગવાઈઓનો ભંગ કરતી કે નૈતિકતા અને સુરૂચિના ધોરણોનો ભંગ કરતી કોઈપણ રાજકીય જાહેરાતનું કોઈ ટી.વી. ચેનલ, કેબલ નેટવર્ક, એફ.એમ. ચેનલ, રેડિયો, સોશિયલ મીડિયા, બલ્ક એસ.એમ.એસ. અને ઈલેક્ટ્રોનિક મળેલ અન્ય કન્ટેન્ટ મારફત પ્રસારિત કરી શકશે નહિ. આવી જાહેરાતોનું કલેક્ટરશ્રી નિયંત્રણ / નિરીક્ષણ કરશે.

૩: આવી જાહેરાત પાછળ કરવામાં આવનાર કોઈ ખર્ચને ઉમેદવારે ચૂંટણી માટે કરવામાં આવતાં ખર્ચમાં ઉમેરવાનું રહેશે અથવા જો આવું ખર્ચ રાજકીય પક્ષ દ્વારા કરવામાં આવેલ હશે તો તે રાજકીય પક્ષે ઉભા રાખેલ ઉમેદવારો વચ્ચે સરખા હિસ્સે વહેંચી ચૂંટણી ખર્ચના જે તે ઉમેદવારના હિસાબમાં દર્શાવવાનું રહેશે.

૪: અરજદારે આવી જાહેરાત તૈયાર કરવા પાછળ જે ખર્ચ કર્યો હશે તે દર્શાવવાનું રહેશે. આવી જાહેરાત કયા ઉમેદવાર કે પક્ષ માટે તૈયાર કરવામાં આવી છે તે અરજીપત્રમાં દર્શાવવાનું રહેશે.

૫: જો ઉમેદવાર કે પક્ષ સિવાય અન્ય વ્યક્તિએ આવી જાહેરાત તૈયાર કરી આપી હશે તો તેણે સોગંદપૂર્વક (એફીડેવીટ ૫૨) જાહેર કરવું પડશે કે જાહેરાત કોઈ પક્ષ કે ઉમેદવારના લાભ માટે નથી અને જાહેરાત કોઈ ઉમેદવાર કે પક્ષ દ્વારા ખર્ચ કરી તૈયાર (સ્પોન્સર) કરાયેલ નથી.

૬: જાહેરાત પ્રસારિત કરાવનારે / અરજદારે ખર્ચનું દરેક ચૂકવણું ચેક કે ડીમાન્ડ ડ્રાફટથી કરવાનું રહેશે.

૭: જાહેરાતના પ્રસારણ સંબંધે કરવામાં આવનાર તમામ ખર્ચનો ઉલ્લેખ / સમાવેશ ચૂંટણી ખર્ચના હિસાબમાં કરવાનો રહેશે.

૮: ઉપર ફકરા નં. ૫ માં જણાવેલ વિગતોની ચકાસણી કરી જરૂરી વધુ શરતો ઉમેરી શકાશે.

૯: કોઈ એક જિલ્લા માટે જાહેરાતના પ્રસારણનો હેતું હશે તો જે તે જિલ્લા કલેક્ટરશ્રીને અને એક કરતા વધુ જિલ્લા માટે પ્રસારણ કરવાનું હશે તો રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગર ખાતે અરજી કરવાની રહેશે.

૧૦: અરજીઓ તથા તે ઉપર લીધેલ નિર્ણયનું જરૂરી યોગ્ય રેકર્ડ નિભાવવાનું રહેશે.

૭. રાજ્ય ચૂંટણી આયોગનો વંચાણ લીધેલ - ૧ થી ૩ ના આદેશ / પરિપત્ર રદ કરવામાં આવે છે.

રાજ્ય ચૂંટણી આયોગના આદેશથી,

આર. જી. ગોહિલ,
સચિવ.

ANNEXURE - I

Application of certification of advertisement

No.	Description	Details
(i)	Name of the local body	
(ii)	Name and full address of the applicant	
(iii)	Whether the advertisement is by a National political party / other political party / contesting candidate / any other person / group of persons / association / organization (give the name)	
(iv)	**(a)** In case of National political party / other political party, the status of the party (whether recognized National / State / Unrecognized party)	
	(b) In case of a candidate, number and name from where contesting	
(v)	Address of Headquarters of National political party / other political party / group or body of persons / association / organization / Trust	
(vi)	TV channels / cable networks / FM channels / Radio / Social Media / Bulk SMS and Content for other electronic medium on which the advertisement is proposed to be telecast	
(vii)	**(a)** Is the advertisement for the benefit of prospects of election of any candidate?	
	(b) If so, give the name(s) of such candidate(s) with full address and name(s) of constituency(ies)	
(viii)	Date of submission of the advertisement	
(ix)	Language(s) used in the advertisement (to be submitted with two copies in electronic form along with a duly attested transcript)	
(x)	Title of advertisement	
(xii)	Approximate cost of proposed telecast with the breakup of number of insertions and rate proposed for each such insertion	
(xiii)	Total expenditure involved (in Rupees)	

I Shri / Smt..... S/o / D/o / W/o ..... (full address) ..... undertake that all payment related to the production and telecast of this advertisement will be made by way of **cheque / demand draft**.

Place:.....

Date:.....

Signature of the applicant: .....

(Applicable for advertisement by a person / persons other than a National political party or other political party or a candidate)

I shri/ Smt..... S/o/D/o W/o.....(full address)…… hereby state and affirm that the advertisement(s) submitted herewith is not for the benefit of any political party or any candidate and that this advertisement(s) has /have not been sponsored / commissioned or paid for by any political party or a candidate.

Place:……..

Date:……..

Signature of the applicant……...

ANNEXURE - II

Certification of Advertisement for Broadcast / Telecast

No.	**Description**	**Details**
(i)	Name of the local body	
(ii)	Name and address of the applicant / National political party / other political party / candidate / person / group of persons / association / organization / trust	
(iii)	Title of advertisement	
(iv)	Duration of advertisement	
(v)	Language(s) used in advertisement	
(vi)	Date of submission of advertisement	
(vii)	Date of certification for broadcast / telecast	

Certified that the above advertisement is fit for broadcast / telecast as per the guidelines prescribed by the **State Election Commission**.

Place: _____

Date: _____

Authorized Officer

જોડાણ - ૯૬

પ્રકરણ - ૨૩ ફકરો - ૨૩.૨, ૨૩.૮

STATE ELECTION COMMISSION,

BLOCK NO. 9, 6TH FLOOR, SARDAR PATEL BHAVAN

GANDHINAGAR - 382010

No. SEC/ELC/COC/1999 DT: 29TH DECEMBER, 1999

ORDER

CODE OF CONDUCT FOR TELEVISION BROADCASTS IN CONNECTION WITH ELECTIONS

1. The State Election Commission (SEC) recognized the significance of television in the coverage of elections. Its reach is widespread and its impact substantial. On the one hand, television can be misused to favor one party or another. But, on the other hand, the SEC recognizes that television can, if used properly be an important source of information for voters across the country, it can provide the widest first-hand education for voters on political parties, their symbols, the various leaders, the different issues in the election.

2. It is essential therefore that a model code of conduct is established for Television both to ensure it is not misused as well as to ensure it is used in the best interests of democracy and the voter.

3. Listed below are the do's and don'ts for election coverage on television.

(a) Don'ts

(1) There should be no coverage of any election speeches or other material that incites violence, one religion against another, one caste against another, one language group against another etc.

(2) In any constituency only one candidate should not be projected. While it is not necessary to cover every single candidate (as some constituencies may have several candidates at least the more important should be covered in any report from a constituency.

(3) There should be no telecast of schemes / announcement of programs / inauguration/ foundation laying ceremony of any project / schemes. No visuals / stills of any Ministers including Chief Minister and Union Ministers visiting Gujarat till such time as the election process is over.

(b) Do's

The following could be covered in a balanced and fair manner:

- Campaigning and excerpts from campaign speeches: -
- Symbols, banners flags and other campaign material of parties,
- Results of opinion polls by non-political, professional organizations with a proven track record,
- Party manifestoes (critical analysis of which is also perfectly legitimate), candidates and their views in different constituencies across the State.
- The positions taken by the main parties on different issues important to the electorate.
- Debates between major parties and candidates,
- Analysis of previous voting patterns, victory margins, swings, etc.

4. By "balanced and fair" it is meant that among that major political parties:

- No one political party should be given substantially more coverage than others. This "balance" need not be achieved in any single day or in a single story, but over a reasonable period of time, say one week.
- "Balance" does not mean each party must get exactly the same air time to the last second but parties should be given broadly the same amount of time.
- "Balance" implies that to no reasonable person should it appear that one political party is being projected to the exclusion of others.

5. Procedures

- All producers must record a copy of their programme off air for use as reference in case of any disputes.
- The SEC shall be the final arbiter in any dispute.

6. The final interpretation of any disputed passage or story should be with the State Election Commission. In case of a disagreement with the broadcaster, one authority could be nominated by the State Election Commission who could take a decision immediately when approached.

The present order is issued in exercise of the powers under Article 243 K and 243 ZA of the Constitution of India.

(Y. J. DIXIT),

Secretary

State Election Commission.

Government Central Press, Gandhinagar.

Signature Not Verified
Signed by : BHOLUSINGH G THAKUR
Senior Manager
Government Central Press,
Gandhinagar
Date : 2026.04.20 22:28:37 IST